<u>ક્રિ. પ.અ.નં. ૬૮/૨૦૨૫</u>

## –:આંક :૧ હેઠળ હુક મ :–

(૧) આ કામના અરજદાર : શાહીનબેન મોહસીનભાઈ બંગાનાઓએ આ કામના સામાવાળા : મોહસીનભાઈ ઈકબાલભાઈ બંગાનાઓ પાસેથી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અન્વયે પરચૂરણ ફોજદારી અરજી નં.૯૩/૨૦૨૨ ની દાખલ કરેલ જે અન્વયે કરવામાં આવેલ હુકમ અનુસાર અરજદારની ચડત ભરણપોષણની રકમ તથા ઘરભાડાની રકમ તથા અરજીના ખર્ચની રકમ તથા વળતરની રકમ વસુલ મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) હાલની અરજી મુજબ અરજદારે સામાવાળા નં. ૧ પાસેથી પરચૂરણ ફોજદારી અરજી નં.૯૩/૨૦૨૨ ની અરજીની તારીખ ૦૬/૧૨/૨૦૨૨ થી ભરણપોષણના માસીક રૂા. ૩૫૦૦/– તથા હુકમની તારીખ ૧૯/૦૪/૨૦૨૫ થી ઘરભાડુ માસીક રૂા. ૧૦૦૦/– તથા સામાવાળાઓ પાસેથી અરજીના ખર્ચના રૂા. ૫૦૦/– તથા વળતર પેટે રૂા. ૫૦૦૦/– મળી કુલ રૂા. ૧,૦૪,૫૦૦/–ચૂકવી આપે અગર તેની હરકોઈ પ્રકારની જાત મિલકતમાંથી વસુલ લઈ અપાવવા અગર સામાવાળા નામદાર કોર્ટના હુકમનો અનાદર કરે તો નશ્યત કરવા અરજ કરેલ છે.

(૩) અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરતાં તેઓ તેમના વકીલ મારફ્ત હાજર થયેલા અને સદર અરજીના કામે આંક– ૭ ની પુરસીસથી રૂા. ૨૦,૦૦૦/–, આંક– ૧૪ ની વોરંટ રદ ની અરજી વખતે રૂા. ૨૦,૦૦૦/– તથા આંક– ૧૭ ની પુરસીસાથી રૂા. ૧૦,૦૦૦/– અરજદારને ચુકવી આપેલ છે. પરંતુ તા. ૦૩/૦૩/૨૦૨૬ પછી સામાવાળા કોર્ટમાં હાજર રહેલ નથી કે તેઓએ કોઈ રકમ ભરેલ નથી.જેથી અરજદારપક્ષે સદર અરજીની કાયદેસરની કાર્યવાહી આગળ ચલાવવા અરજ કરેલ છે.

(૪) અરજદાર પક્ષે વિ.વશ્રી.ને સાંભળ્યા. અરજદાર પક્ષે થયેલી રજુઆતો ધ્યાને લેતાં ફો.પ.અરજી નં. ૯૩/૨૦૨૨ ના કામે થયેલ હુકમ મુજબ અરજદારને ભરણપોષણની, ઘરભાડાની, અરજીના ખર્ચની તથા વળતરની રકમ ચુકવવાની સામાવાળા ની ફરજ બને છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્ર ીમીનલ રીવીજન અરજી નં. ૨/૦૮ ના કામે ઠરાવેલ છે કે, ભરણપોષણ હેઠળહુકમ કરવા માટે હકુમત ધરાવતા મેજીસ્ટ્રેટને ભરણપોષણની રકમ નહી ભરનારને ક્રી. પ્રો.કોડની કલમ–૧૨૫(૩) હેઠળ દરેક એક માસના ડીફોલ્ટ માટે ત્રીસ દિવસની કેદની સજા કરવાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં હાલના કેસમાં સામાવાળા મોહસીનભાઈ ઈકબાલભાઈ બંગા નાઓએ અરજદારને ભરણપોષણ પેટે, ઘરભાડા પેટે તથા અરજીના ખર્ચના તથા માનસીક યાચનાની કુલ રકમ રૂા. ૧,૦૪,૫૦૦/– માંથી ચુકવેલ રકમ રૂા. ૫૦,૦૦૦/– બાદ કરતા કુલ રૂા. ૫૪,૫૦૦/– ચુકવી આપેલ નથી. એટલે કે ભરણપોષણની, ઘરભાડાની રકમ અને અરજીના ખર્ચની રકમ તથા વળતરની રકમ ભરપાઈ કરવા માટે ડીફોલ્ટ થયેલ છે. સામાવાળા નં ૧ ની અરજદારનુ ભરણપોષણ કરવાની તથા અન્ય જરૂરીયાત પુરી કરવાની પણ જવાબદારી છે અને ભરણપોષણથી તેઓ વંચિત રહેલ છે અને સામાવાળા ભરણપોષણની તથા અન્ય હુકમ મુજબની રકમ ચુકવવામાં બેદરકાર રહેલ છે તેવા સંજોગોમાં સામાવાળા નં ૧ ની વર્તણુંક તથા ઉપરોકત કરેલ ચર્ચા તેમજ હાલના કેસના સંજોગો સાથે પરિસ્થિતિ ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રીમી. રીવીજન અરજી નં.૨/૨૦૦૮ ના કામે આપેલ ચુકાદો ધ્યાને લેતાં તથા બંને પક્ષેની રજુઆત ધ્યાને લઈ આ કામના સામાવાળા નં ૧ ને એક માસના કસુર બદલ દિન–૨૦ લેખે સજા કરવાનુ યોગ્ય અને ન્યાયી લાગતા નીચે મુજબનો હુકમ કરુ છુ.

**–// હુકમ //–**

૧. આ અરજીમાં જણાવ્યા મુજબ સામાવાળા નં મોહસીનભાઈ ઈકબાલભાઈ બંગાનાઓએ અરજદારને તારીખ ૦૬/૧૨/૨૦૨૨ થી ભરણપોષણના માસીક રૂા. ૩૫૦૦/- લેખે ૨૮ માસના કુલ રૂા. ૯૮,૦૦૦/-તથા ઘરભાડા પટે તા. ૧૯/૪/૨૦૨૫ થી એક માસના કુલ રૂા. ૧૦૦૦/- તથા અરજીના ખર્ચના રૂા. ૫૦૦/- તથા વળતર પેટે રૂા. ૫૦૦૦/- મળી કુલ રૂા.૧૦૪૫૦૦/- માંથી ચુકવેલ રકમ રૂા. ૫૦,૦૦૦/- બાદ કરતા રૂા. ૫૪૫૦૦/-પુરા ચૂકવવામાં નિષ્ફળ જતાં તેઓને ચડેલ ભરણપોષણની તથા અરજીના ખર્ચના અને વળતરની રકમ ચૂકવવાનાં કસુર બદલ એક માસના દિન-૨૦ લેખે આશરે ૧૫- માસના કુલ-૩૦૦ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સામાવાળા વિરૂધ્ધ જેલ વોરંટ ઈસ્યુ કરવું.

૩. સદરહુ જેલ વોરંટની યોગ્ય અમલવારી કરી અત્રેની કોર્ટને રિપોર્ટ કરવા અંગેની સંબંધિત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

૪. જો સામાવાળા નં ૧ બાકી ચડત ભરણપોષણની રકમ તથા ઘરભાડાની કે અરજીના ખર્ચની રકમ કે વળતરની રકમ અરજદારને ચૂકવી આપે તો તેને સત્વરે મુકત કરવો અને તેની જાણ અત્રેની અદાલતને ત્વરીત કરવી. તે સંબંધે જેલરશ્રીને અલગથી યાદી કરવી.

હુકમ આજ તારીખ : ૨૮ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી- સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : મેઘરજ
તા.૨૮ /૦૪/૨૦૨૬

(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)
એડીશનલ સીવીલ જજ અને
જયુ.મેજી.ફ.ક., મેઘરજ
જીજે૦૧૪૦૮